# આઓ હમ સબ મિલકર દિપ જલાએ જહાં આજ ભી અંધેરા હૈ !

## કડી સર્વવિશ્વવિદ્યાલયનો અનોખો પ્રયોગ : સાત તેજસ્વી વિદ્યાર્થીઓને પાર્ટટાઈમ નોકરી આપી અભ્યાસ ચાલુ રખાવ્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયે સાત વિદ્યાર્થીઓને પાર્ટ ટાઈમ નોકરીની તક આપી એમનો ઉચ્ચ અભ્યાસ ચાલુ રખાવ્યો છે.



કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ડાયરેક્ટર શ્રી કાપડિયાએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ વિદ્યાર્થીઓ તેજસ્વી છે પરંતુ તેમના પરિવારમાં તેઓ આધાર હોવાથી ખર્ચ પોષાય તેમ ન હતો. આથી સંસ્થાએ ફી માફ કરી પાર્ટ ટાઈમ નોકરીની તક પુરી પાડી તેમના ઉચ્ચ અભ્યાસને ચાલુ રખાવ્યો છે.

સંસ્થાના અન્ય પ્રોફેસર ડૉ. રાજને જણાવ્યું હતું કે ફેકલ્ટી અને વિદ્યાર્થી વચ્ચે સુયોગ્ય સંકલન થાય એટલુ જ નહિ તેજસ્વીતા નિખરે તે માટેના પ્રયાસો સંસ્થા દ્વારા કરવામાં આવી રહ્યા છે અને આગામી દિવસોમાં કેટલાક મહત્વના પગલાં લેવામાં પણ આવનાર છે.

ડાયરેક્ટર કાપડિયાએ જણાવ્યુ હતુ કે વર્ષે રૂ. દોઢ કરોડ સંસ્થા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તેમજ રિસર્ચ માટે ફાળવે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સંસ્થા શૈક્ષણિક વિકાસ અને વિસ્તાર માટે સતત પ્રયત્નશીલ છે.


# કેનાલમાં ફેંકી દીધેલી તિજોરીઓ પોલીસે બહાર કાઢી

## બેંક એ.ટી.એમ.-તિજોરી ચોરતી ગેંગ પાંચ દિવસના રિમાન્ડ પર : વધુ બે બેંક તિજોરી ચોરીનાં પ્રયાસનો ભેદ ઉકેલાયો : તોડેલા બીજા એટીએમ-તિજોરીઓ બીજી કેનાલમાં ફેંકયા હોવાથી પોલીસ આજે કડી જશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર-અમદાવાદ સહિત વિવિધ જિલ્લાઓમાં બેંક એટીએમ અને તિજોરીઓની ચોરી કરી તરખાટ મચાવી મુકનાર ગેંગના ચાર સુત્રધારો ગાંધીનગર પોલીસે ઝબ્બે કરી લીધા છે અને પાંચ ચકચારી ચોરીઓની કબુલાત કરી લીધી છે ત્યારે આ ગેંગની વધુ પુછતાછ માટે પોલીસે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.





એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા પી.એસ.આઈ. એચ.એલ. સોલંકીએ ગેંગના સાગરીતોની હાથ ધરેલી કડક પુછપરછમાં તેમણે વધુ બે ગુનાઓની કબુલાત પણ કરી છે. વસઈ-ડાબલા ગામની બેંક તિજોરીની આઠેક માસ પહેલા અને કલોલ-મોખાસણ ગામની છ એક માસ પહેલા બેંકને નિશાન બનાવી તિજોરી ચોરી જવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ નિષ્ફળ ગયો હોવાની કલુબાત ગેંગના ચારેય સાગરીતોએ કરી છે. તે ઉપરાંત શખ્સોએ કટર વડે ખોલી તિજોરીઓ થરા વિસ્તારમાં નર્મદા કેનાલમાં ફેંકી હતી તેને એલસીબીની ટીમે કેનાલમાંથી બહાર કાઢી કેનાલમાંથી નીકળેલી એક તિજોરીમાંથી રાંચરડાની બેંકના સ્ટેમ્પ મળ્યા છે અને બીજી ગાંગડની બેંકની તિજોરી મળી આવી છે. પોલીસે બંને તિજોરીઓ સહિત કેનાલમાંથી નીકળેલો સામાન કબ્જે લઈ વધુ પુછપરછ શરુ કરી છે.



# દૂધ કટીંગનો મુખ્ય સૂત્રધાર ક્લીનર હરેશ આખરે ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૨

બનાસ ડેરીમાંથી મધર ડેરી દૂધના ટેન્કર જમા કરતી વખતે રસ્તામાં જ દૂધનું કટીંગ કરીને અડધોઅડધ પાણી ભરેલુ ટેન્કર જમા કરાવવાના કૌભાંડનો મુખ્ય સૂત્રધાર આખરે અડાલજ પોલીસના સકંજામાં આવી ગયો છે. અત્યાર સુધીમાં તેણે માત્ર ત્રણ વાર જ કટીંગ કરાવ્યું હોવાની કેફીયત પોલીસ સમક્ષ આપી રહ્યો છે. પીએસઆઈ કે.બી. રાણાવતે તેની પુછપરછ માટે રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

૨૦ હજાર લીટરના દૂધના ટેન્કરને ખેરાલુ પાસે એક બોરકુવામાં ઉભુ કરી દઈ મળતીયા મારફતે મોટર દ્વારા ટેન્કરમાંથી ૧૦ હજાર લીટર દૂધ કાઢી તેટલુ પાણી ઉમેરીને ફરી શીલ મારી દઈ મધર ડેરી સુધી ટેન્કર પહોંચાડવાનું કૌભાંડ તાજેતરમાં પકડાઈ ગયુ હતુ. જેમાં મુખ્ય સૂત્રધાર ટેન્કરનો ક્લીનર બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકામાં સ્થિત રૂની ગામના હરેશ વેરસિંહભાઈ ચૌધરી આજે અડાલજ પોલીસના સકંજામાં આવી ગયો હતો. પ્રાથમિક પુછપરછમાં આ ક્લીનરે ત્રણ વાર જ આ પ્રકારે કટીંગ કર્યું હોવાની કેફીયત પોલીસ સામે આપી રહ્યો છે. પોલીસે તેની ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

# વિટકોસની બસો પણ વર્ધીમાં ફરતી થઈ

## નિર્ધારીત રૂટ રદ કરી બસો વર્ધીમાં મોકલાતા ભારે હાલાકી : રઝળી પડતાં મુસાફરો, વધારાની બસોનો અભાવ, પાસ ધારકોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં સીટી બસ તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરી શહેરીજનોને શ્રેષ્ઠ સેવા પુરી પાડવા મથતી વિટકોસ તેના કરારના અંતિમ તબક્કામાં પસાર થઈ રહી છે. નિર્ધારિત કરેલા રૂટ ઉપર નિયમિત બસો ચલાવવાની બાહેંધરી કરારમાં કરેલી હોવા છતાં વધુ આવકની લાલચમાં આ બસોને વર્ધીમાં મોકલી નિર્ધારીત રૂટ રદ કરી મુસાફરોને રસ્તે રઝળતા મુકી દેવાતા હોવાની બુમરાણ ઉઠી છે. જેથી મુસાફરો અને પાસ ધારકોમાં ભારે આક્રોશની લાગણી ઉભી થઈ છે.



ગાંધીનગરના સેક્ટરોમાં આવનજાવન સરળ બની રહે તે હેતુથી સીટી બસ તરીકે વિટકોસ કંપનીને કરાર આધારિત સીટી બસો ચલાવવાનો ઠેકો આપવામાં આવ્યો છે. આ કરારની મુદત જુલાઈ ૨૦૧૪માં પુરી થવા જઈ રહી છે ત્યારે વિટકોસ તંત્ર કમાણીની લાલચમાં કરારની અનેક શરતોનો ભંગ કરી રહી છે. જેમાં મુસાફરો વધુ ચાલકોના ભોગ બની રહ્યા છે. શરૂઆતથી નિર્ધારિત કરેલા રૂટ ઉપર બસ આવનજાવન કરતી હોય છે. અને નિયમિત મુસાફરો બસના સમયપત્રક મુજબ નિયત બસ સ્ટોપ ઉપર હોય છે. પરંતુ અચાનક જ બસ રદ કરી દેવાતા આ મુસાફરો સમય, નાણાં અને ફરજ ગુમાવી દે છે. વધુ આવકની લાલચમાં બસોને વર્ધીમાં મોકલી દેવાતા આ સ્થિતિનું નિર્માણ થતુ હોવાનું જાણવા મળેલ છે.

વિટકોસ કંપનીએ ગાંધીનગર ખાતે કુલ ૩૫ બસોના કાફલા સાથે

● અનુસંધાન પાન-૭ પર

## ખૂણે... ...ખાંચરેથી

- ૨૪મીએ પ્રજાસત્તાક દિનની પરેડનું રિહર્સલ ગાંધીનગર અને માણસા ખાતે યોજાશે.
- ૨૬મીના રાજયકક્ષાના હિંમતનગર ખાતેના કાર્યક્રમ માટે જિલ્લાના ત્રણ ચુનંદા અધિકારીઓને વિશેષ જવાબદારી રાજ્ય સરકારે આપી છે.
- ગાંધીનગર નજીક વાવોલ ગામમાં બેંકોના ત્રણ એ.ટી.એમ. કેન્દ્રો કાર્યરત થઈ રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રીએ મહિલાઓની જાતિય સતામણીના કેસો ના બને તે માટે એક સમિતિની રચના કરી છે.
- રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીને લઈ જાહેરનામુ પ્રસિદ્ધ થતાં રાજકીય લોબીંગ શરૂ થયું છે.

# ઓસ્ટ્રેલિયાના કોન્સલ જનરલે લીધી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાતે આવેલા ઓસ્ટ્રેલિયાના કોન્સલ જનરલ શ્રીયુત માર્ક પિઅર્સે ગુજરાત રાજ્ય સાથે ઓસ્ટ્રેલિયાના સંબંધો વધુ મજબૂત બનાવવા અને સંપર્ક સેતુનું ફલક વ્યાપક બનાવવા વિચાર-વિમર્શ કર્યો હતો.

ઓસ્ટ્રેલિયાના સાઉથ વેલ્સના પ્રિમીઅર અગાઉ મુખ્યમંત્રીશ્રીને મળ્યા હતા. તે સંદર્ભમાં અમદાવાદ અને સિડનીને સીસ્ટર સિટી તરીકે વિકસાવવા તથા શિક્ષણ અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સહયોગનું ફલક વિકસાવવા તેમણે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સાથે ચર્ચા કરી હતી.

ઓસ્ટ્રેલિયાના કોન્સલ જનરલે શ્રી નરેન્દ્રભાઈ મોદીને સાઉથ વેલ્સ અને ક્વીન્સલેન્ડ પ્રાન્તની મુલાકાતે આવવાનું નિમંત્રણ આપ્યું હતું.




**ઠાકોર (ક્ષત્રિય) જીવનસાથી પસંદગી મેળાવડો (વિનામૂલ્યે)**

શુભ-લાભ ઠાકોર (ક્ષત્રિય) મેરેજ બ્યુરો (સગપણ સંસ્થા) દ્વારા તા. ૨૬/૧/૨૦૧૪, રવિવારે સમય : ૧થી ૫ દરમિયાન ધોરણ-૧૦થી વધુ અભ્યાસવાળા અપરણિત યુવક-યુવતીઓ માટે પરિચય પસંદગી મેળાવડાનું આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલ છે. જેનો સૌ જ્ઞાતિજનોએ લાભ લેવા વિનંતી (પાસપોર્ટ સાઈઝ ફોટોગ્રાફ અચૂક લાવવો)

સ્થળ : ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર

સંપર્ક :(૧) ૯૮૨૪૩ ૪૪૦૭૧ (૨) ૯૭૨૫૦ ૧૮૬૭૭ (૩) ૯૮૨૪૬ ૭૩૯૯૮ (૪) ૯૭૨૪૫ ૦૧૮૮૨

નોંધ : દર રવિવારે ૧૧ થી ૧ દરમિયાન ઘ-૨, અપનાબજાર, પ્રથમ માળ, ગાંધીનગર ખાતે સગપણ સંસ્થા કાયમી ધોરણે કાર્યરત છે.

સૌજન્ય : શ્રી જયદિપસિંહ ગણપતજી ઠાકોર

પ્રમુખ- ક્ષત્રિય ઠાકોર વિકાસ મંચ, ગુજરાત

પ્રમુખ : ગાંધીનગર લોકસભા (જિલ્લા) યુવક કોંગ્રેસ

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

બ્લોક નં. ૧૮નો ૪થો માળ, ઉદ્યોગભવન, સે.૧૧, ગાંધીનગર

ફોન, ફેક્સ નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮, Email : guda_info@yahoo.co.in

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૧૬ સને ૨૦૧૩-૧૪**

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ/કેન્દ્ર સરકાર / બોર્ડ નિગમની માન્ય યાદીમાં નોંધાયેલ આ પ્રકારના કામના અનુભવી કોન્ટ્રાક્ટરશ્રીઓ પાસેથી ઓન-લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | અંદાજીત રકમ રૂ. ટેન્ડર ફી | ઈ.એમ.ડી. ટાઈમ લીમીટ ઈજારદાર શ્રેણી |
|---|---|---|---|
| ૧. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં.૧૯ (રાયસણ)ના ફા. પ્લોટનં. ૩૫૧માં LIG આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી માટેની કામગીરી | રૂ. ૧૨૯૩૮૭૧૦.૫૮ રૂ. ૩૬૦૦/- | રૂ. ૧૩૦૦૦૦/- ૬ (છ) માસ 'સી' અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૨. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯(રાયસણ)ના ફા. પ્લોટ નં. ૩૫૨માં LIG આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી માટેની કામગીરી. | રૂ. ૧૮૬૨૦૫૭૯.૩૯ રૂ. ૩૬૦૦/- | રૂ. ૧૮૭૦૦૦/- ૬ (છ) માસ 'બી' અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૩. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ)ના ફા. પ્લોટ નં. ૩૬૮માં LIG આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી માટેની કામગીરી. | રૂ. ૨૨૧૫૬૬૫૦/- રૂ. ૩૬૦૦/- | રૂ. ૨૨૨૦૦૦/- ૬ (છ) માસ 'બી' અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૪. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૭ (ચિલોડા)ના ફા. પ્લોટ નં. ૧૯૦માં LIG આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસીલીટી માટેની કામગીરી. | રૂ. ૬૮૦૦૮૮૨.૮૫ રૂ. ૩૬૦૦/- | રૂ. ૬૯૦૦૦/- ૬ (છ) માસ 'બી' અને ઉપરના (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૫. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ)ના ફા. પ્લોટ નં. ૩૫૧, ૩૫૨ અને ૩૬૮માં તેમજ ટી.પી. સ્કીમ નં. ૧૭ (ચિલોડા)ના ફા. પ્લોટ નં. ૧૯૦માં LIG આવાસો માટે ઈન્ફ્રાસ્ટ્રક્ટર કામગીરીમાં સ્ટ્રીટ લાઈટનું કામ. | રૂ. ૧૫૧૯૭૬૬.૩૬ રૂ. ૯૦૦/- | રૂ. ૧૬૦૦૦/- ૪ (ચાર) માસ 'ઈ-૧' અને ઉપરના (વિદ્યુત) (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૬. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ)ના ફા. પ્લોટ નં. ૩૫૧, ૩૫૨માં ટ્યુબ વેલ બનાવવાનું કામ. | રૂ. ૨૭૮૬૮૩૧.૧૯ રૂ. ૧૫૦૦/- | રૂ. ૨૮૦૦૦/- ૪ (ચાર) માસ GWSSB/GWRDCમાં રજીસ્ટર્ડ થયેલ અને પોતાની રીંગ ધરાવતા (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |
| ૭. | ગુડા વિસ્તારની ટી.પી. સ્કીમ નં. ૧૯ (રાયસણ)ના ફા. પ્લોટ નં. ૩૬૮ અને ટી.પી. સ્કીમ નં. ૧૭ (ચિલોડા)ના ફા. પ્લોટ નં. ૧૯૦માં ટ્યુબ વેલ બનાવવાનું કામ. | રૂ. ૨૭૮૬૮૩૧.૧૯ રૂ. ૧૫૦૦/- | રૂ. ૨૮૦૦૦/- ૪ (ચાર) માસ GWSSB/GWRDCમાં રજીસ્ટર્ડ થયેલ અને પોતાની રીંગ ધરાવતા (બાના મુક્તિ પ્રમાણપત્ર સ્વીકારવા પાત્ર નથી) |

- ઉપરોક્ત કામની વિગતો અત્રેની કચેરીની ઈન્ફ્રાસ્ટ્રકચર શાખામાંથી તથા ગુડાની વેબસાઈટ http://guda.nprocure.com પરથી તા. ૨૧/૧/૨૦૧૪થી જોવા મળશે.
- ઓન-લાઈન ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તા. ૧૧/૨/૨૦૧૪ સાંજના ૧૮-૦૦ કલાક સુધી.
- ટેન્ડરની હાર્ડ કોપી ટેન્ડર ફી, ઈ.એમ.ડી. ગુડા ઓફીસે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ / કુરીયરથી મોકલવાની છેલ્લી તા. ૧૫/૨/૨૦૧૪ ૧૮-૦૦ કલાક સુધી
- ઓન-લાઈન ટેકનીકલબીડ ખોલવાની સંભવિત તા. ૧૭/૨/૨૦૧૪ સમય ૧૬-૦૦ કલાક

સ્થળ : ગાંધીનગર
તારીખ : ૨૧/૧/૨૦૧૪

કાર્યપાલક ઈજનેર
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૨૨૭૦/૧૩-૧૪

# માવઠાથી કૃષિક્ષેત્રે નુકસાનીના અહેવાલ મંગાવાયા

## માવઠાને કારણે કૃષિ પાકને નૂકસાની અંગેનો અહેવાલ જિલ્લા ખેતીવાડી અધિકારીઓ પાસે મંગાવાયો

ગાંધીનગર, તા. ૨૨

રાજયમાં સતત બીજા દિવસે પણ માવઠું થતાં કૃષિ પાકોને કોઈ નુકશાન થયું છે કે નહીં તે અંગે જિલ્લા ખેતીવાડી અધિકારીઓને સર્વે કરીને અહેવાલ રજુ કરવા માટેની ખેતી નિયામક કચેરી દ્વારા સૂચના આપવામાં આવી છે.

ખેતી નિયામક કચેરી સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના કેટલાક વિસ્તારોમાં માવઠુ થયું છે અને બીજા દિવસે પણ ઝાકળ પડવા સાથે માવઠું થવા પામ્યું હતું. આ માવઠાને કારણે કેટલાક કૃષિ પાકોને નુકશાન થવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જો હવામાન આવું જ રહે અને હજુ પણ વધુ ચાર પાંચ દિવસ ઝાકળ પડવા સાથે વરસાદી ઝાપટાં પડે અને માવઠું ચાલુ રહે તો જીરૂ, ઈસબગુલ, કપાસ, ઘઉં સહિતના કેટલાક પાકોને નુકશાન થઈ શકે છે.

રાજયમાં સતત બે દિવસથી હવામાન પલટાયું છે જેના કારણે રાજયના કેટલાક વિસ્તારોમાં અમુક કૃષિપાકોને નુકશાન થવાની ભીતિ વ્યકત કરવામાં આવે છે. આથી ખરેખર આ માવઠાને કારણે રાજયમાં કોઈ વિસ્તારમાં કૃષિ પાકોને નુકશાન થયું છે કે નહીં અને થયું છે તો કયા વિસ્તારોમાં કયા પાકોને કેટલા હેકટરમાં નુકશાન થયું છે એ અંગેનો સર્વે કરીને અહેવાલ મોકલી આપવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીઓને સૂચના આપવામાં આવી છે. આ માવઠાને કારણે રાજયમાં કૃષિ પાકોને ખરેખર નૂકશાન થયું છે કે નહીં અને થયું છે તો કેટલું નૂકશાન થયું છે એ અંગેનો અંદાજ જિલ્લા ખેતીવાડી અધિકારીઓના અહેવાલો આવ્યા બાદ જ ખ્યાલ આવશે.

લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com